**Chairman**

Durgesh Buch
President
Gujarat Chamber of Commerce & Industry



**GCCI REGIONAL COUNCIL**

UNITED
WE ACHIEVE MORE


*Co-Chairman: Ahmedabad Zone*
**Shri Sunil Vadodaria**
President
Saurashtra Chamber of Comm. & Ind.

*Co-Chairman: Central Gujarat Zone*
**Shri Hemant Vadalia**
President
Vadodara Chamber of Comm. & Ind.

*Co-Chairman: Saurashtra Zone*
**Shri V. P. Vaishnav**
President
Rajkot Chamber of Comm. & Ind.

*Co-Chairman: South Gujarat Zone*
**Shri Ketan Desai**
President
The Southern Gujarat Chamber of Comm. & Ind.

**:Members:**

**Shri Anil Jain**
President
Gandhidham Chamber of Comm. & Ind.

**Shri Bipendrasinh Jadeja**
President
Jamnagar Chamber of Comm. & Ind.

**Shri Kanubhai Domadia**
President
Junagadh Chamber of Comm. & Ind.

**Shri Shivrambhai Patel**
President
The Banaskantha Dist. Chamber of Comm. & Ind.

**Shri Shailesh Shah**
President
Zalawad Chamber of Comm. & Ind.



*Communication Address:*
**Gujarat Chamber of Commerce & Industry**
Shri Ambica Mills - Gujarat Chamber Bldg.,
Nr. Mithakhali Underbridge, Ashram Road,
Ahmedabad - 380 028, (Gujarat, India)
Phone: (079) 26582301-2-3-4
Email: regionalcouncil@gujaratchamber.org


25 એપ્રિલ, 2020

**શ્રી વિજયભાઈ રૂપાણી**
માનનીય મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજ્ય

**વિષય: શ્રમ આયુક્તનો લઘુત્તમ વેતન માટેના ખાસ ભથ્થાના દૈનિક દરમાં વધારો કરતો પરિપત્ર ને રદ્ કરવા બાબતે**

**સંદર્ભ : પરિપત્ર તા. 22.04.2020 ક્રમાંક: શ્ર.આ. ક/ ટે-2/394/2020 (અત્રે બિડાણ કરેલ છે)**

**માનનીય શ્રી વિજયભાઈ,**

આપણી કુશળતા ઈચ્છુ છું.

ગુજરાત ચેમ્બરની રિજિયોનલ કાઉન્સિલ ગુજરાત રાજ્યના અગ્રણી ચેમ્બરોનું સંગઠન છે જે રાજ્યના સમગ્ર વેપાર-ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરે છે અને  સંયુક્ત પ્રયત્નો દ્વારા વેપાર-ઉદ્યોગ માટે સાનુકૂળ વાતાવરણ બનાવવાના ઉદ્દેશથી કાર્ય કરે છે. રાજ્યના વેપાર-ઉદ્યોગની જરૂરિયાતો, મૂંઝવણો અને સૂચનોને સમયસર વાચા આપી તેને ચર્ચા-વિચારણા માટે આપશ્રી સુધી પહોચાડવાની મહત્વપૂર્ણ કામગીરી GCCI ની રિજિયોનલ કાઉન્સિલ સતત કરતી આવી છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આપશ્રી દ્વારા વેપાર -ઉદ્યોગોને શરુ કરવા માટેના હાલમાં લેવામાં આવેલ ત્વરિત નિર્ણયોને અમે બિરદાવીએ છીએ.

આપ જાણો છો તેમ વેપાર-ઉદ્યોગ આ મહામારીને કારણે ખૂબ જ પડકારજનક સમયમાંથી પસાર થઈ રહ્યા છે. આવા સમયમાં શ્રમ આયુક્તની કચેરીના ઉપરોક્ત પરિપત્રમાં લઘુત્તમ વેતન માટેના ખાસ ભથ્થાના દૈનિક દર અગરબત્તી બનાવતા રોજગાર સિવાયના બધાજ રોજગાર માટે તા. 01-04-2020 થી 30-09-2020 ના સમયગાળા માટે રૂ.42.40 થી વધારીને રૂ. 56.50 કરવામાં આવ્યો છે જેના કારણે વેપાર-ઉદ્યોગ માં આશ્ચર્ય અને આઘાતની લાગણી વ્યાપી છે.

સાહેબશ્રી, હાલમાં જયારે વેપાર-ઉદ્યોગને તેમના કર્મચારીઓને માર્ચ અને એપ્રિલ મહિનાનાં પગાર ચુકવવાની ચિંતા છે અને પરિસ્થિતિ સામાન્ય થતા કેટલો સમય લાગશે તેની પણ અનિશ્ચિતતા છે ત્યારે રૂ. 14 જેટલાનો આ વધારો વેપાર-ઉદ્યોગ માટે વધારાના બોજરૂપ સમાન થશે.

હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લેતા કેન્દ્ર સરકાર દ્વારા પણ તેમના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું જુલાઈ 2021 સુધી રદ્ કરવામાં આવ્યું છે.

તેથી અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે કે આ આકરા સમયમાં વેપાર-ઉદ્યોગની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખી રાજ્યના અર્થતંત્રના વિશાળ હિતમાં શ્રમ આયુક્તનો આ પરિપત્ર તાત્કાલિક ધોરણથી રદ્ કરશોજી.

આપનો વિશ્વાસુ,



**દિલીપ પાધ્યા**
**માનદ-મંત્રી (રિજિયોનલ),GCCI**

**નકલ રવાના:**

**1. શ્રી અનિલ મુકીમ, IAS,** મુખ્ય સચિવ, ગુજરાત સરકાર
**3. શ્રી એમ.કે. દાસ, IAS,** અગ્ર સચિવ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકાર